ગાંધીનગર સમાચાર
તા. ૧૭-૭-૨૦૧૪, ગુરુવાર

## તંત્રી સ્થાનેથી....

### ચીન સાથે સંબંધો વિસ્તારવાની કવાયત

બ્રાઝિલ ખાતે BRICS પંચદેશી શિખર પરિષદમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિ એમની રાજકીય કારકિર્દીનું મહત્ત્વનું સોપાન બની રહે એવી શક્યતા છે. બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રનેતાઓની આ મુલાકાત વિશ્વના નકસામાં વિકાસશીલ નવાં મોટા રાષ્ટ્રોની ભૂમિકા નક્કી કરશે. નરેન્દ્ર મોદી એક તરફ દક્ષિણ એશિયાના નાના દેશોનું નેતૃત્વ હાંસલ કરવા કૃતસંકલ્પ છે, જેનો સંકેત એમના શપથવિધિ સમારોહ ટાણે સાર્ક રાષ્ટ્રોના વડાઓને નિમંત્રણ પાઠવીને એમને આપી દીધો હતો; તો વળી વિશ્વમાં ત્રીજી દુનિયાનાં રાષ્ટ્રોમાં ભારતની વિશેષ ભૂમિકા વિશે પણ મોટી અતિશય મહત્ત્વાકાંક્ષી છે. બ્રિક્સ રાષ્ટ્રોમાં રશિયા અને ચીન જેવી મહાસત્તાઓ સામેલ છે, છતાં ભારત પણ હવે એમની લગોલગ કાઠું ધરાવતો દેશ હોવાની પ્રતીતિ કરાવવા માટે જ મોદીએ બ્રિક્સ બેંકમાં બધા પાર્ટનરોની સમાન ભાગીદારીની તરફેણ કરી છે. વળી આ બ્રિક્સ બેંકની પ્રથમ અધ્યક્ષતા ભારતને સોંપવાની બાબત હોય કે એના વડામથક તરીકે ચીનની વાણિજ્ય નગરી શાંઘાઇના વિકલ્પે ભારતની રાજધાની નવી દિલ્હીના નામનો આગ્રહ રખાયો હોત - તે તમામ બાબતો ભારતની ગરિમાને એક સુનિશ્ચિત ઊંચાઇ પર પ્રસ્થાપિત કરવાના સ્પષ્ટ ઉદ્દેશ્યથી પ્રેરિત લાગે છે. મોદીએ ચીનના પ્રમુખ શી જિનપિંગ સાથેની સવા કલાકની મુલાકાત દરમિયાન સીમાવિવાદનો પ્રશ્ન્ પણ સુલેહપૂર્વક ઉકેલવાની દરખાસ્ત કરી હતી. ચીન હરહંમેશ આ મુદ્દે બેવડાં ધોરણ અપનાવતું રહ્યું છે. નેતાઓ સાથેની વાતચીત અત્યંત સૌહાર્દપૂર્ણ લાગે પરંતુ એ જ દિવસે એના હેલિકૉપ્ટર ભારતીય સીમામાં પ્રવેશે તો જ શું સૂચક નથી? સંરક્ષણ મંત્રી જેટલીને આ ઘટનાનો લૂલો બચાવ કરવો પડ્યો છે. લાઇન ઑફ કંટ્રોલ - બે દેશો વચ્ચેની નિયંત્રણ રેખા બાબતે ચીન એની માગવી સમજણ ધરાવતું હોય તો વેળાસર ભારતે એની એ ગેરસમજ દૂર કરવી જોઇએ. ચીન અરૂણાચલ અને લડાખના પ્રદેશોને એના નકશામાં મૂકતું રહ્યું છે. વળી આ પ્રદેશો માટે એ ‘સ્ટેપલ વિઝા’ જેવી સરળ પ્રવેશ પદ્ધતિને અનુસરી ભારત કરતાં એ પ્રદેઓશોને વધુ પોતીકા હોવાની પ્રતીતિ કરાવતું રહ્યું છે. પંડિત જવાહરલાલ નહેરુ અને ચીનના તત્કાલિન વડા ચાઉ એન લાઇ વચ્ચે પંચશીલ સમજૂતી થયેલી. પરંતુ આ પંચશીલ કરાર અભેરાઇએ ચડાઇ દઇ, ‘હિંદી ચીની ભાઇ ભાઇ’નાં સૂત્રો પોકારતાં ભારતીય નેતાઓને ઊંઘતા ઝડપી લઇ ચીને ૧૯૬૨માં ભારત પર ક્રૂર આક્રમણ કરીને લાખો ચોરસમાઇલ પ્રદેશ કબ્જે કરી લીધો હતો, જે આજ સુધી એના જ કબજામાં છે. જે ચીને આંતરરાષ્ટ્રીય પ્રતિભા ગણાતા પંડિત નહેરૂને પીઠ પાછળ ઘા કરેલો તે નરેન્દ્ર મોદીને કેટલું કોઠું આપશે એ તો સમય જ કહેશે. મોદીને ચીને સાથે વાણિજિયક સંબંધો વધારી ભારતને એનું બજાર બનતું અટકાવવાની ઇચ્છા હશે, પરંતુ ચીન ઘણું ચાલાક અને જરા વધુ ચોખવટપૂર્વક કહીએ તો લુચ્ચું રાષ્ટ્ર છે. એ અમેરિકા અને રશિયાને નથી ગાંઠ્યું ત્યાં ભારત તે વળી શા હિસાબમાં છે? ભારત વિરૂદ્ધ પાકિસ્તાનને એ હરહંમેશ હૂંફાડી મદદ પહોંચાડતું રહ્યું છે અને બદલામાં પાકિસ્તાનનું આખેઆખું બંદર એણે ગજવામાં ઘાલી દીધું છે. ભારતની સરહજ નજીક જ એણે પાકા હાઇવે બાંધી દીધા છે. ભવિષ્યમાં યુદ્ધની નોબત આવે તો એ આરામથી પાકિસ્તાન સાથે મળી ભારતની સરહદો સળગાવી શકે એમ છે. આ તમામ મર્યાદાઓનો ખ્યાલ રાખીને ચીન સાથેના સંબંધોમાં ફૂંકી ફૂંકીને આગળ વધવાની જરૂર છે. નરેન્દ્ર મોદી પોતે કૈલાસ માનસરોવરની યાત્રા કરી આવ્યા હોઇ એના વર્તમાન સરકારી રૂટની કઠિનાઇથી એ સુપેરે વાકેફ છે. તેથી એમને ચીનના નેતા સાથે ઘણાં વર્ષોથી ચાલી આવતી વધુ એક વૈકલ્પિક રૂટ વિશેની માગણીની યાદ અપાવી છે, પરંતુ આ બાબત કેવળ ગણ્યા ગાંઠ્યા શ્રદ્ધાળુઓને જ રાજી કરી શકે. ચીન ભારતનું મિત્ર રાષ્ટ્ર નથી, એ ન જ ભૂલવું જોઇએ.

## એમબીએ-એમસીએની પ્રથમ મેરીટ યાદી શનિવારે રજૂ થશે

### ચોઇસ ફિલિંગનો પ્રથમ રાઉન્ડ આજે જ પૂર્ણ કરી દેવાશે

અમદાવાદ, તા.૧૬
ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન એમબીએ-એમસીએ કોલેજોમાં પ્રવેશ માટે અત્યારે પ્રવેશ પ્રક્રિયા ચાલી રહી છે. જેમાં ચોઇસ ફિલીંગનો પ્રથમ રાઉન્ડ આવતીકાલે પૂર્ણ થશે ત્યારબાદ ૧૯મી જુલાઇના રોજ એમબીએ-એમસીએનું પ્રથમ મેરીટ લીસ્ટ જાહેર કરવામાં આવશે જેને લઇ વિદ્યાર્થીઓમાં આતુરતા જોવા મળી રહી છે.

રાજ્યભરમાં ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી સંલગ્ન એમબીએ કોલેજોની ૯૯૪૭ અને એમસીએ કોલેજોની ૫૯૧૧ બેઠકો આવેલી છે. આ ઉપરાંત એમસીએ લેટરની ૭૬૦૩ બેઠકો મળીને કુલ ૨૩૪૬૧ બેઠકો વિદ્યાર્થીઓનાં પ્રવેશ માટે ઉપલબ્ધ છે. આ બેઠકો ઉપર પ્રવેશ માટે ઉપલબ્ધ છે. આ બેઠકો ઉપર પ્રવેશ કાર્યવાહી હાથ ધરવામાં આવ્યું હતું જેમાં ૨૩૪૬૧ બેઠકો માટે માત્ર ૯૩૭૮ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું ત્યારબાદ ૧૪થી ૧૭ જુલાઇ દરમિયાન ચોઇસ ફિલીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ચોઇસ ફિલીંગના પ્રથમ રાઉન્ડનો આવતીકાલે છેલ્લો દિવસ છે. આવતીકાલે રાત્રે ૧૨ વાગ્યા સુધી વિદ્યાર્થીઓ ચોઇસ ફિલીંગ કરી શકશે ત્યારબાદ ૧૯ જુલાઇના રોજ પ્રથમ મેરીટ યાદી જાહેર કરવામાં આવશે. આ પ્રવેશ યાદી જાહેર કર્યા બાદ વિદ્યાર્થીઓ તારીખ ૨૧ થી ૨૪ જુલાઇ દરમિયાન ચોઇસમાં ફેરફાર કરી શકશે. જો કે કુલ ૨૩૪૬૧ બેઠકોની સામે માત્ર ૯૩૭૮ વિદ્યાર્થીઓ જ રજીસ્ટ્રેશન કરાવતા મોટા પ્રમાણમાં બેઠકો ખાલી પડી રહે તેવી શક્યતા વ્યક્ત કરાઇ રહી છે. ઉલ્લેખનીય છે કે ચાલુ વર્ષે ૧૪ કોલેજોએ પોતાની માન્યતા રદ કરાવી છે ત્યારે પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ બેઠકો ખાલી રહેતા હજી પણ વધુ કોલેજો પોતાની માન્યતા રદ કરાવે તેવી શક્યતા વ્યક્ત કરાઇ રહી છે. ગત વર્ષે પણ એમબીએ-એમસીએની ૧૦,૦૦૦ કરતા વધુ બેઠકો ખાલી રહી હતી.

## હરિની દ્રષ્ટિ...




લો, વરસાદ નહીં આવે તેમ કહીને માળીયેથી છત્રી ઉતારવાનું ટાળતા હતા... હવે ચડો માળીયા પર.. !!

## લોદરા શેઠ સી.યુ. વિદ્યાલયમાં ગુરૂવંદના કાર્યક્રમ યોજવામાં આવ્યો

ગાંધીનગર, તા.૧૬
માણસા તાલુકામાં આવેલ લોદરા સ્થિત શેઠ સી.યુ. વિદ્યાલયમાં આજે ગુરૂપૂર્ણિમા અને વિવેકાનંદ વ્યાખ્યાનમાળાનો ૨૧મો મણકો પર કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

લોદરા ગામમાં આવેલ શેઠ સી.યુ. વિદ્યાલયમાં આજે ગુરૂપૂર્ણિમા નિમિત્તે ગુરૂવંદના કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. નિવૃત્ત સેકશન અધિકારી રજનીભાઇ ભટ્ટના મહેમાન પદે કાર્યક્રમ યોજાયો હતો. પ્રારંભે શાળાની બાલિકાઓએ પ્રાર્થના રજુ કરી હતી. ત્યારબાદ મહેમાનોનું સ્વાગત કરતું સ્વાગત ગીત રજુ કર્યું હતું.

નિવૃત્ત સેકશન અધિકારી રજનીભટ્ટે પ્રાસંગિક પ્રવચનમાં ગુરુનો મહિમા વર્ણવ્યો હતો. તેમજ વિદ્યાર્થી જીવનમાં ધ્યાન-યોગ અને જ્ઞાનનું મહત્વ જણાવ્યું હતું. તેમણે વિવેકાનંદના વિચારો જીવનમાં ઉતારવા અપીલ કરી હતી. આ સાથે સૌ વિદ્યાર્થીઓ અને શિક્ષકગણ દ્વારા રજનીભાઇ ભટ્ટને તાલીઓથી વધાવી લેવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતે ગુરૂ મહિમા રજુ કરતું ગીત શાળાના વિદ્યાર્થી ચેહરસિંહ રાઠોડે રજુ કર્યું હતું.

## લાયન્સ કલબ ઓફ ગાંધીનગર દ્વારા બોરીજ સ.પ્રા. શાળામાં લાયન્સ કવેસ્ટ સેન્ટરનો પ્રારંભ કરાયો

લાયન્સ કલબ ઓફ ગાંધીનગર દ્વારા ૯થી ૧ વર્ષસુધીના તરુણ બાળકોમાં સંસ્કારોનું સિચન થાય તે માટે બોરીજ સરકારી પ્રાથમિક શાળામાં લાયન્સ કવેસ્ટ સેન્ટરનો પ્રારંભ કરવામાં આવ્યો છે. લાયન્સ કલબ ગાંધીનગર દ્વારા બોરીજમાં આવેલ સરકારી પ્રાથમિક શાળાને દત્તક લેવામાં આવી છે ત્યારે કલબ દ્વારા શાળામાં ૯ થી ૧૪ વર્ષના તરુણોનો વિકાસ થાય, તેમનામાં રહેલી પ્રતિભા વિકસે, સંસ્કારોનું સિંચન થાય અને વ્યસનોથી દુર રહે તેવી પ્રવૃત્તિઓનો કાર્યક્રમ લાયન્સ કવેસ્ટ પ્રોગ્રામનો પ્રારંભ કરવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓને ભારમુકત પુસ્તકો ફાળવી સમાજમાં મોભો પ્રાપ્ત કરે તેવા પ્રશિક્ષણ અહિંયા આપવામાં આવે છે. તાલીમ શિબિરમાં



શાળાના શ્રેષ્ઠ શિક્ષક પસંદ કરી તાલીમ આપી તૈયાર કરવામાં આવે છે. કાર્યક્રમમાં જિલ્લામાંથી આવેલ લા. વિષ્ણુ મહેશ્વરીએ આંતરરાષ્ટ્રીય કાર્યક્રમ વિશે માહિતી પુરી પાડી હતી. લાયન પ્રમુખ જશવંતસિંહ રહેવર, મંત્રી શ્રી રાજગૌડા, કો ઓર્ડિનેટર લા. જીતેન્દ્રસિંહ સોલંકી, ટ્રેઝરર લા. પ્રવિણ ચૌધરી, પૂર્વ પ્રમુખ હરીશ ત્રિવેદી, રીટાબા સોલંકી ઉપસ્થિત રહ્યા હતાં.

## પ્રણયરંગી ગુજરાતી ફિલ્મ ‘જો કાના તારી રાધા આવી’નું એકધારૂ શુટીંગ પૂર્ણ

ગાંધીનગર, તા. ૧૬
ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝના પ્રોડક્શન હાઉસ દેવ અને શિવાંગી પ્રોડકશન દ્વારા નિર્માતા-દિગ્દર્શક જીતેન્દ્ર દુબેએ ‘જો કાના તારી રાધા આવી’ ફિલ્મનું એકધાર્યુ શુટીંગ કરી તેને રીલીઝ કરવાની તૈયારીઓ આરંભી છે. માત્ર ૨૩ વર્ષીય નિર્માતા-દિગ્દર્શક જીતેન્દ્ર દુબેને આ પ્રણયરંગી ફિલ્મમાં ગામ અને શહેર વચ્ચેના તફાવતને આવરીને પ્રેમ અને નફરતની આંધીને વણી લેવામાં આવી છે. આ ફિલ્મનું શુટીંગ ગાંધીનગર, કોબા ગાર્ડન તેમજ ખાત્રજ ગામના તિરૂપતિ ગાર્ડન ઉપરાંત સનાવડા ગામના રમણીય લોકેશનો પર તાજેતરમાં જ પૂર્ણ કરવામાં આવ્યું છે. આ ફિલ્મને હિન્દી ફિલ્મો સમકક્ષ બનાવ્યાનો દાવો કરવામાં આવી રહ્યો છે.

આ ફિલ્મની કથા પણ જીતેન્દ્ર દુબેએ વિશિષ્ટ શૈલીમાં લખી છે.



તેમજ મહેશ રૈયાણીએ તેને ચોટદાર સંવાદોથી સજાવી છે. ફિલ્મમાં ધર્મેશ પંડ્યાએ સુમધુર સંગીત પીરસ્યું છે અને કેમેરામેને રાજુએ તેની છબીકલાના કામણ પાથરવાનું કાર્ય કર્યું છે. આ ફિલ્મમાં અભિયનમાં ઓજસ હિરો સૌરભ રાજ્યગુરૂ અને કામણગારી હિરોઈન રીયા મહેતા રેલાવી રહ્યા છે. સાથે જાણીતા ચરિત્ર જયેન્દ્ર મહેતા આ ફિલ્મમાં વિશીષ્ટ ભૂમિકા નિભાવી રહ્યા છે. તેમજ મહત્વની ભૂમિકામાં જીલ મહેતા, રોહિત મહેતા, જાગૃતિ ગોસ્વામિ, આર.કે. શિલુ, દિવ્યેશ પટેલ, રવિના ટીલાવટ, કિરણ ગોસ્વામિ અને જીતુ કનોજીયા ઉપરાંત આયુષ જાડેજા પણ છે. આ ફિલ્મમાં વિલનની ખુંખાર ભૂમિકા અતુલ કાપડીયા નિભાવી રહ્યા છે. જેઓ હાઈકોર્ટના સિનિયર એડવોકેટ પણ છે. આ ફિલ્મમાં દિપક તુરીએ કોરિયોગ્રાફી કરી છે. જ્યારે માસ્ટર મહમંદ અમદાવાદીએ ફાઈટ નિર્દેશન આપ્યું છે.

ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝ અત્યારે ખૂબજ નાજુક સમયમાં છે અને પતન તરફ જઈ રહી છે ત્યારે યુવા નિર્માતા-દિગ્દર્શક જીતેન્દ્ર દુબેની આ ફિલ્મ ‘જો કાના તારી રાધા આવી’ દ્વારા દર્શકો ફરીવાર થીયેટર ભણી પાછા વળશે તેવી આશા સેવાઈ રહી છે.

## જ્ઞાનકુંભ



- દર્શન મારૂ

### વર્તમાન પ્રવાહો

૧. ૨૦૧૪ બજેટ અનુસાર ઇન્કમટેક્સમાં કેટલી આવક પછી ઇન્કમટેક્સ શરૂ થશે ?
➜ ૨.૫ લાખ
૨. ૨૦૧૪ બજેટમાં ભારતમાં કેટલા સ્માર્ટ શહેર બનાવવાની જાહેરાત કરવામં આવી છે ?
➜ ૧૦૦
૩. ફૂટબોલ વિશ્વકપ-૨૦૧૪નો ખિતાબ કયા દેશે જીત્યો છે ?
➜ જર્મની
૪. ફૂટબોલ વિશ્વકપમાં વિજેતા ટીમએ અર્જેન્ટીનાને કેટલા ગોલથી હરાવ્યું હતું ?
➜ ૧-૦ (એક)
૫. ૨૦૧૪માં બ્રાઝિલમાં આયોજિત બ્રિક્સ શિખર સંમેલન કેટલામું શિખર સંમેલન હતું ?
➜ ૬ (છઠ્ઠું)
૬. ૨૦૧૪માં વિકસાવવામાં આવેલો જી.પી.એસ.થી કાર્યરત અને દિશા જ્ઞાન આપનારી નવી પ્રણાલી કઇ છે ?
➜ ગગન
૭. ૨૦૧૪માં ભારતની વિદેશ યાત્રાએ આવેલા જી.એલ. પીરીસ કયા રાષ્ટ્રના વિદેશમંત્રી છે ?
➜ શ્રીલંકા
૮. સ્ટેટ ઓફ ફોરેસ્ટ રિપોર્ટ ૨૦૧૪ અનુસાર ભારતનાં કયા રાજયમાં જંગલોનું પ્રમાણ સૌથી વધારે છે ?
➜ મિઝોરમ
૯. ૨૦૧૪માં ભારત અને રશિયા વચ્ચે કયાં સંયુક્ત પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો હતો ?
➜ બ્રહ્મોસ મિસાઇલ પ્રોજેક્ટ
૧૦. ૨૦૧૪માં સંયુક્ત રાષ્ટ્ર દ્વારા જાહેર કરવામાં આવેલ સર્વે રિપોર્ટ મુજબ વિશ્વમાં સૌથી વધુ જનસંખ્યા ધરાવતું શહેર કયું છે?
➜ ટોકિયો
૧૧. ૨૦૧૪માં કયારે વિશ્વ જનસંખ્યા દિવસ મનાવવામાં આવ્યો હતો?
➜ ૧૧ જુલાઇ
૧૨. ૨૦૧૪ બજેટમાં ખેડૂતોના હિતો માટે શાની ઘોષણા કરવામાં આવી છે?
➜ કિશાન ટીવી
૧૩. ફિફા વિશ્વકપ-૨૦૧૪ની ફાઇનલ મેચ પર બે ટીમો વચ્ચે રમાઇ હતી?
➜ જર્મની અને આર્જેન્ટીના
૧૪. ૨૦૧૪માં લોકસભાની અંદર પોલ વરમ પરિયોજના સંબંધીત બિલ પસાર કરવામાં આવ્યુ છે. આ યોજના કઇ નદી પર આવેલી છે?
➜ ગોદાવરી
૧૫. ૨૦૧૪માં નિધન પામનાર પદ્મ વિભૂષણ પુરસ્કારથી સન્માનિત ઝોહરા સહગલ કયા ક્ષેત્ર સાથે સંકલાયેલા હતા?
➜ અભિનય
૧૬. ૨૦૧૪ બજેટમાં બાળકીઓના કલ્યાણ માટે કઇ યોજનાની જાહેરાત કરવામાં આવી છે?
➜ ‘બેટી બચાવો, બેટી ભણાવો’
૧૭. ૨૦૧૪માં ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે કોની નિયુક્તિ કરવામાં આવી છે?
➜ અમિત શાહ
૧૮. ૨૦૧૪માં સુપ્રીમકોર્ટમાં કયા ત્રણ જજોની નિમણૂક કરવામાં આવી છે?
➜ (૧) અરૂણ મિશ્રા (૨) આદર્શ ગોયલ (૩) રોહીંગટન નરીમન
૧૯. ૨૦૧૪માં સાનિયા મિર્ઝા અને કારા બ્લેકની જોડીએ WTF રેન્કીંગમાં કયું સ્થાન પ્રાપ્ત કર્યુ છે?
➜ ૫ (પાંચમું)
૨૦. ૨૦૧૪માં રિલાયન્સ ઇન્ફ્રાસ્ટ્રકચરના નવા અધ્યક્ષ પદે કોની નિયુક્તિ કરવામાં આવી છે?
➜ એમ.એસ. મહેતા

## માહિતી ટેકનોલોજીના ઉપયોગ સંદર્ભે વિકાસશીલ દેશની પ્રતિકૂળતાઓ

**It’s not a faith technology. it’s Faith peaple.**

**- Steve Jobs**

આજના યુગમાં સફળત્તમ બિઝનેસમેન સ્ટીવ જોબ્સ દ્વારા લખાયેલા આ વાક્ય માહિતીની સાર્થકતા સુપેરે વ્યક્ત કરે છે અને તેની સાથે સ્વીકારે છે કે માહિતી આપનાર ટેકનોલોજી કરતા પણ તેને ઉપયોગમાં લેનાર વ્યક્તિ વિશેષનું પણ એટલું જ મહત્ત્વ સ્વીકારવું રહ્યું. પણ વાત તો ત્યાં આવીને અટકી જાય છે...

- શું આપણે માહિતી આપનાર સાધનોને જ માહિતી માની બેઠા નથી ને?
- શું વ્યક્તિ પાસે સેલફોન હોય એટલે તે ઉપયોગી માહિતીને પ્રાપ્ત કરી રહ્યો છે તેવું ચોક્કસ કહી શકાય?
- શું આપણે માહિતી મેળવવાની બાબતમાં પૂર્ણ રીતે સક્ષમ છીએ?
- શું બધા જ લોકો માહિતીને મેળવતા થઇ ગયા છે?

આપણા દેશના શહેરોની ચકાચોંધ રોશની, નવીન ભોગવાદી સંસ્કૃતિ (Materialistic Life style) (જે છેવટે તો ગ્રીસ, ફિલીપીંસ, ઇટલી તરફનો આર્થિક મંદીનો માર્ગ બતાવશે?) જોઇને રાજીના રેડ (એક દિવસ ખરેખર રેડ થશે?) થઇ રહ્યા છો; તેમને એક વાત કેમ સમજાતી નથી, કે આપણા દેશમાં ૩૨.૭ ટકા વસ્તી ( વર્લ્ડ બેંક-૨૦૧૧) ગરીબીમાં જીવી રહી છે. આ ઉપરાંત, ૫૧.૭ વસ્તીની રોજની આવક બે ડોલરથી પણ ઓછી છે. આપણે જયારે ટેકનોલોજીની વાત કરતા હોઇએ ત્યારે તેની પ્રસ્તુતતા બાબતે પણ વિચાર કરવો જોઇએ. જેમ કે, કોઇ ગામડાની મહિલાને પોતાના ખેતીની અને ઘરના કામમાંથી સમય ન મળતો હોય ત્યારે તેને કઇ ટેકનોલોજીથી બાળકલ્યાણ, બાળશિક્ષણ, સ્વાસ્થ્ય, સરકારી સ્વ સહાય (સખી મંડળ, મિશન મંગલમ્) જૂથની માહિતી અપાશે? જો આપણે છેવાડાની તે મહિલાને ‘ટેકનોલોજીનો લાભ મેળવનાર’ બનાવી શકીએ તો જ... તેમાં જ ટેકનોલોજીનો ઉપયોગ સમાયેલો છે.

માહિતી ટેકનોલોજીની પ્રસારણ પ્રક્રિયા

માહિતી ➜ ટેકનોલોજી ગેઝેટ્સ (સાધન) (મોબાઇલ, કોમ્પ્યુટર, ટીવી વગેરે)
↓
ટેકનોલોજીનો લાભ મેળવનાર

પરંતુ, ટેકનોલોજીનો લાભ મેળવનાર પણ અનેક પ્રકારની માનસિકતા અને અવસ્તાઓ ધરાવતો હોય છે જેમ કે ટેકનોલોજીનો લાભ પૂર્ણ રીતે ન લઇ શકનારાઓના અલગ જૂથો...

૧. નિરક્ષર ૨. સાક્ષર છતાં અજાગૃત ૩. રોજગારીના કામકાજમાં અતિશય પ્રવૃત્ત ૪. સામાજિક રીતે એકાંતિક જીવન પસાર કરનાર ૫. ભાષાની સમસ્યા અનુભવનાર ૬. કોઇ પણ પ્રકારની અથવા ખોડખાંપણ ધરાવનાર

૨. મુદ્દાની વાત એ છે કે શું આપણી પાસે એવી ટેકનોલોજી છે? જે ઉપરોક્ત જણાવેલ બધા જ પ્રકારના લોકોને ઉપયોગી બની શકે.

માહિતીના પ્રકાર (સંદેશાની મૂલ્યલક્ષિતાનાં આધારે

૧. માત્ર સમાચાર કે સંદેશ આપનાર માહિતી, ૨. નાની છતાં નક્કર માહિતી આપનાર, ૩. ઇચ્છનીય અને ચોક્કસ લાભ આપનાર માહિતી, ૪, ઓછા પ્રયત્ને વધુ લાભપ્રદ માહિતી, ૫ એક સાથે ઘરનાં કે સંસ્થાનાં લોકોને લાભપ્રદ માહિતી, ૬ વ્યક્તિગત અને સામાજિક પરીવર્તન લાવનાર માહિતી, ૭. જીવન પર કાયમી અસર કરનાર માહિતી

### વિચારોનાં મધુવનમાં

પ્રા. ડૉ. રાકેશ પટેલ

આપણો અનુભવ છે કે મોટા ભાગે મોબાઇલનો કે અન્ય માહિતીના સાધનોનો ઉપયોગ પ્રાથમિક માહિતીના સાધન તરીકે થાય છે. જેમ કે મોબાઇલના ઉપયોગ સ્થળ, વ્યક્તિ કે પરિસ્થિતિમાં થતા પરિવર્તન માટે કે સમાચારના આદાનપ્રદાન માટે મોટેભાગે થાય છે. માહિતી ટેકનોલોજીની બાબતમાં આપણે અર્થાત્ ભારતીયો એક વિશિષ્ટ અને વિચિત્ર સ્થિતિનો સામનો એક જ કાળખંડમાં કરી રહ્યા છીએ. ભારતમાં એક બાજુ વિશ્વની સર્વશ્રેષ્ઠ કંપનીઓ ચોક્કસ સમયમાં અંતરે નવીન સેલફોન, ટીવી, કોમ્પ્યુટર લેપટોપ, પામટોપ, આઇપેડ વગેરે પ્રોડક્ટ આપણી સમક્ષ મુકી રહ્યા છે. બીજી બાજુ સેલફોનનું કવરેજ ન હોવાથી સામાન્ય વાતચીત કરવામાં ફાફાં પડી રહ્યાંનાં સમાચાર આપણને મળતાં રહે છે. માહિતી મેળવવાની બાબતમાં આપણે ઘણી પ્રગતિ કરી છે તેની ઉપેક્ષા કરી ન શકાય. છતાં પણ આપણે નીચે પ્રમાણેનો ક્રમ આ રીતે વિચારી શકાય. ભૂતકાળથી વર્તમાનની સિદ્ધિ તરફ...

૧. એક વ્યક્તિથી બીજી વ્યક્તિને મળતી માહિતી. ૨. સામુહિક રીતે મળતી માહિતી જેમ કે, શાળામાં વિદ્યાર્થીને આપવામાં આવતી માહિતી. રેડિયો દ્વારા રાષ્ટ્રીય સ્તરે અપાતી બધા જ પ્રકારની માહિતી. ૪. ટેલિવિઝન દ્વારા સચિત્ર, સંગીતમય અને લોકભોગ્ય માહિતી. ૫. સેલફોન દ્વારા સાર્વત્રિક માહિતી (અવાજ અને ટેક્ટસ દ્વારા અપાતી)

આપણી તમામ સમજને અહીંથી આગળ લઇ જવાની છે. કારણ કે હજી આપણે માહિતી ટેકનોલોજીની બાજુમાં ગયા છીએ પણ; તેની શક્તઓને બરાબર સમજ્યા નથી. હજી ઘણો માર્ગ કાપવાનો બાકી છે. છેવાડાનાં વ્યક્તિની ભાષામાં, અને તેની ઉપયોગીતાને ધ્યાનમાં રાખીને પ્રયાસો કરવાનાં બાકી છે. શ્રેષ્ઠ માહિતી ટેકનોલોજી એટલે ‘કોઇ પણ વ્યક્તિને, અનુકૂળ સમયે, જરૂરી માહિતી, નહીવત કિંમતે મળે તે જ માહિતી ટેકનોલોજીની સફળતા છે.’

ખરેખર તો માહિતીનાં પ્રત્યેક સાધનોનો ઉપયોગ અનેક પ્રકારે કરી શકાય જેમ કે...

ભારત જેવા વિકાસશીલ દેશમાં અનેકભાષાઓ બોલાતી હોવાથી અનેક સમસ્યાઓ હોય છે. તેથી સંપૂર્ણ રીતે પ્રાદેશિક ભાષાઓમાં જ સોફ્ટવેર બનાવવાં જોઇએ. (કેટલીક કંપનીઓ આંશિક રીતે ગુજરાતીમાં સોફ્ટવેર બનાવે છે) ટેલિવિઝનમાં આપણે જોઇએ તો કાર્યક્રમની જાહેરાતોમાં અંગ્રેજી ભાષાનું બાહુલ્ય જોવા મળે છે. જેમ કે, વોશિંગ મશીન, નિરમા, સ્ટેફ્રી (જો કે પુનરાવર્તનને અને દૃશ્ય-શ્રાવ્ય માધ્યમ હોવાને કારણે સમજ પડી જાય છે) કોઇ પણ ગામમાં નિયમ સમય માટે આવતી સરકારની યોજનાઓ સફળ નથી બનતી, અથવા તેની માહિતી કેટલાક જ જાગૃત લોકો લઇ લે છે અને લાભ પણ! એટલું નહીં પણ તેવા તકવાદીઓ (ઓછી જનસંખ્યા માટેની યોજનાઓ) બીજા અભણ કે અજાગૃત લોકોને જણાવતાં પણ નથી. જો સરકારી વ્યવસ્થામાં પ્રત્યેક યોજનાને ગામનાં પ્રત્યેક વ્યક્તિનાં મોબાઇલ પર ટૂંકા સ્વરૂપે મોકલવામાં આવે તો ઘણા સારા પરિણામો મળી શકે. (સરકારી બાબુઓ કયારેક જણાવતા હોય છે કે લોકો કોઇ રસ જ નથી! હકીકત કંઇક જુદી જ હોય છે?) સરકારે કાયદો બનાવીને શૈક્ષણિક સંસ્થાઓને આદેશ કરી શકાય કે, પોતાની સંસ્થાની માહિતી, સમયાનુસાર બધા જ લોકોને મોબાઇલ મેસેજ દ્વારા પહોંચાડવી. તેજ રીતે સરકારે નાગરિકની પ્રાથમિક જરૂરિયાતો જેવી કે; સ્વાસ્થ્ય, પોસ્ટ ઓફિસ, કે બસની સેવાઓને પણ મેસેજના માધ્યમથી લોકભોગ્ય ભાષામાં સમાજના સૌથી વધુ દૂરના વ્યક્તિને પહોંચાડવાનો પ્રયત્ન કરવો જોઇએ. સરકારી બસસેવામાં મોબાઇલથી બસનાં સમય જાણી શકાય છે. તેનો મોબાઇલ નં.૯૯૯૮૮૦૫૬૫૬ છે. અંતરિયાત વિસ્તારના ગામડાઓમાં જયાં ગ્રામીણ વિકાસની સરકારી માહિતી પહોંચતી નથી ત્યાં કોકાકોલા, ફિલ્મી સાહિત્ય કે તમાકુની જાહેરાતો ખૂબ ઝડપથી પહોંચી જાય છે. એક પ્રાઇવેટ કંપનીએ સારો પ્રયત્ન કર્યો છે તેને કોઇ પણ સરકારી કે જાહેર સંસ્થાનો નંબર પુછી શકો છો... જસ્ટ ડાયલ નંબર ૮૮૮૮૮૮૮૮૮૮, ઉપરાંત કેમ છો... નંબર (૦૭૯)૨૭૭૭૭૭૭ પરથી પણ જરૂરી નંબર મળી રહે છે. **Richard P. Feynman** અનુસાર **for a successful technology, reality must take precedence over public relations, for Nature cannot be fooled.** બીજીબાજુ **Albert Einstein** તેનાં સમયના પરિપેક્ષમાં કહે છે કે.... **“Information is not knowledge.”** પણ તે માત્ર આંકડાકીય માહિતીનાં સંદર્ભમાં હોવાની શક્યતા છે.